# ક થા  ન વ ની ત

## જો માણસ અખંડ તો રાષ્ટ્ર અખંડ

પં. ચન્દ્રશેખરવિજયજી

એક ગામડું હતું; માત્ર બસો ઘરનું.

ત્યાં સરકારી શાળા હતી.

બસો જેટલા બાળકો ભણતા હતા.

ગામઠી શાળાના માસ્તરો માત્ર ત્રણ હતા.

હા. શાળા ઘણા વર્ષોની ૩૦-૩૫ વર્ષ જૂની હતી.

એક દિવસની વાત છે. રવિવારનો દિવસ આવી રહ્યો હતો. શિક્ષકે મોટા ૮-૧૦ બાળકોને આખી લાઈબ્રેરી વ્યવસ્થિત કરવાનું રવિવારે જણાવ્યું.

નક્કી કર્યા મુજબ રવિવારે જમીને બાળકો શાળામાં આવી ગયા. લગભગ પાંચેક કબાટ હતા. બધા કબાટના બધા પુસ્તકો વગેરે બહાર કાઢ્યા. પછી કબાટોની સુંદર સફાઈ કરી.

ફાટેલા-તૂટેલા પુસ્તકોને જુદા પાડ્યા. કેટલાકને પૂંઠાં ન હતા તેમને પૂંઠાં પણ ચડાવી દીધા.

આ બધું કરતાં એક જૂનો-પુરાણો નકશો મળ્યો.

આશ્ચર્યની વાત છે કે તે નકશો અખંડ ભારતના સમયનો-અખંડ ભારતનો નકશો હતો.

બાળકો ખુશખુશાલ થઈ ગયા. તેમને તે નકશો જોવામાં ખૂબ રસ પડી ગયો.

કયું શહેર ક્યાં છે ? તે જોવાની રમત શરૂ કરી. આમાં ગમે તે કારણે તેમની વચ્ચે ઝઘડો થયો. હવે નકશો કોણ કબજામાં લે ? તેની ખેંચતાણ શરૂ થઈ.

હાય, નકશાના ટુકડે ટુકડા થઈ ગયા. હવે બધા બાળકો ખૂબ ગભરાઈ ગયા. પ્રિન્સિપાલ તેમને ખૂબ મારશે અને સખ્ત મોટો દંડ કરશે તેમ લાગ્યું.

એટલે બધા સંપી જઈને આખો નકશો સાંધવા માટે મહેનત કરવા લાગ્યા. પણ નગરો વગેરેના વિશિષ્ટ જ્ઞાનના અભાવને લીધે ચાર કલાકનો શ્રમ કર્યા પછી પણ નકશો અખંડ કરી શકાયો નહિ. હવે શું કરવું ? બધા બાળકોનો ગભરાટ તેમના મોં ઉપર જણાઈ આવતો હતો.

એકાએક એક બાળકની નજર નકશાના થઈ ગયેલા ટુકડાઓમાંના એક ટુકડાના પાછલા ભાગમાં પડી. તે ભાગમાં માણસનો કાન દેખાતો હતો.

તેના મગજમાં એકાએક સરસ લાઈટ થઈ. તેણે બાળકોને કહ્યું, ‘નકશો બતાડતાં બધા ટુકડાઓ ઊંધા કરી દો. નકશાના પાછલા ભાગમાં માણસ છે. બેઠેલો કે ઊભો ? તેની મને ખબર નથી. એ બધું આપણે જોઈએ.’

બધા ટુકડાનો માણસ ગોઠવાતો ગયો. તેના હાથ, પગ, માથું, પેટ વગેરે યથાસ્થાને ગોઠવાતું ગયું. બહુ સરળતાથી ગોઠવાઈ ગયું. ઊભેલા માણસની અખંડ આકૃતિ બની ગઈ. તે બધા ટુકડાઓને ટ્રાન્સપેરન્ટ પટ્ટીથી ચોંટાડી દીધા.

આમ થતાં ઊભેલો અખંડ માણસ દેખાવા લાગ્યો.

પછી તે આખું માણસનું ચિત્ર ઉલટાવ્યું તો તે બાજુ અખંડ ભારત દેખાવા લાગ્યું.

અખંડ માણસ : અખંડ ભારત.

આમાંથી એ વાત સરસ રીતે પ્રગટ થાય છે કે જો માણસ ‘માણસ’ તરીકે અખંડ ઊભો થઈ જાય તો ‘રાષ્ટ્ર’ પણ અખંડ બની જાય. તે ટુકડાઓમાં વેરાયેલું ન રહે.

# સુ કૃ ત ન વ ની ત

## ભૈયા ! યે છૂરા પહલે મેરે પે લગાવ

પં. જિનસુંદરવિજયજી

ધર્મનગરી સુરતના વતની, ગર્ભશ્રીમંત ડી. સુભાષના નામે જાણીતા. શ્રીમંતાઈમાં ઉછરેલા છતાં પૂર્વની આરાધના અને ઘરના નાનપણથી મળેલા સંસ્કારોના કારણે કરૂણા ગુણ ખૂબ વિકાસ પામેલો છે. જીવદયા એમનો પ્રાણ છે.

કતલખાનાની નજીકથી ગાડી લઈને જતાં હોય તો તેમને કમકમાટી છૂટી જાય. બને ત્યાં સુધી બીજો જ રસ્તો પકડી લે.

એકવાર કતલખાનાની નજીકથી પસાર થવાનું થયું અને એક કસાઈ બકરાંને લઈને જતો હતો. કમરે છરો લટકતો હતો ડી. સુભાષથી રેહવાયું નહિ. થોડી ક્ષણોમાં થનારી કતલ તેમની નજર સામે દેખાવા લાગી. તરત જ ગાડી રોકી ઉતરી કસાઈ પાસે ગયાં. મોં માગ્યા દામ આપવાની વાત કરી પણ આ કસાઈ કોઈ રીતે માનવા તૈયાર ન થયો.

'મેરે કો પૈસે સે કોઈ મતલબ નહિ હૈ, તુમ મુઝે પૈસે સે ખરીદને આયે હો ચલ જાઓ. ઈસકી કતલ હોગી હી.'

કસાઈની ખુન્નસ સાથેની વાત સાંભળી ડી. સુભાષ ઘડીભર સ્તબ્ધ થઈ ગયા. આ વિસ્તાર એમનો કહેવાય અહીં દાદાગીરી શક્ય નથી નહિ તો મર્યા સમજો. અને આ બકરાને બચાવવો છે એ વાત પણ એટલી જ પાકી છે. જો તેનો વધ થશે તો ડી.સુભાષની હાલત બગડશે. છેવટે ડી. સુભાષે મનોમન નિર્ણય કરી લીધો અને કસાઈ જ્યાં બકરો કાપવાનો છે તે સ્થાને પહોંચી બકરાને કાપવા માટે ગોઠવી રહ્યો છે.

ડી. સુભાષ તરત જ ત્યાં પહોંચી બકરાને હટાવી તે સ્થાને પોતે બેસી ગયા અને બોલ્યા 'ભૈયા ! ઈસકી કત્લ મેરે સે દેખી નહિ જાયેગી ભૈયા ! યે છૂરા પહલે મેરે પર લગાદેં બાદ મેં તેરે કો જો કરના હૈ કરના.'

ડી. સુભાષના કરૂણાભર્યા જાતનાં બલિદાને પેલા કસાઈને હલાવી દીધો તે વિચારમાં પડ્યો કે ઈતના શ્રીમંત વ્યક્તિ સુખી વ્યક્તિ તોભી એક બકરે કે લીએ ઉસકે જાન બચાને કે લીએ અપની જાને દેને કે લીએ તૈયાર હો ગયાં અબ તો મેરે કો કરૂણા કરની ચાહીએ.' અને તરત એણે બકરાને છોડી દીધાં કસાઈના આંખમાં આંસુ આવી ગયા અને ડી. સુભાષના પગમાં પડી ગયો. અને એ દિવસ તેનો જીવનપરિવર્તનનો દિવસ બની ગયો. તે કસાઈ મટી સજ્જન વ્યક્તિ બની ગયો.

ડી. સુભાષને જીવદયામાં એટલી શ્રદ્ધા કે ઘરમાં કોઈપણ માંદુ પડે ત્યારે પહેલા ડૉક્ટર કે દવાની વાત નહિ પણ 'હું આટલા જીવો છોડાવીશ જેથી સારું થઈ જાઓ.' એવી જાહેરાત કરી દે અને ખરેખર ગંભીર માંદગીઓ પણ દૂર થયા વિના ન રહે.

એકવાર ઘરના ફર્નિચરમાં ઉધઈ થઈ ગઈ. ખબર પડતાં કોઈ દવા છાંટવાનું તો નામ નહિ પણ આખું ફર્નિચર ઉતારી જેટલા લાકડામાં ઉધઈ હતી તે બધા લાકડા ધીમે રહીને ઉધઈને હેરાનગતિ ન પહોંચે તે રીતે નિર્જન જગ્યાએ મુકાવી દીધા જેથી ઉધઈ ત્યાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી શકે.

જીવદયા પ્રેમી એવા ડી. સુભાષ સામાયિકના પણ વિશેષ રાગી છે. એમને એવો નિમય લીધો કે રોજ ૧ સામાયિક કરવાનું પણ જે દિવસે સામાયિક રહી જાય એ દિવસે ૧૦,૦૦૦ રૂા. ભંડારમાં મૂકી દેવાનાં.

ધન્ય છે જીવદયા-પ્રેમી શ્રાવક ડી. સુભાષને !!!

# સ મા ધા ન   ન વ ની ત

## બાળકને ધાક-ધમકીથી અથવા પરાણે પણ ધર્મક્રિયામાં જોડાવાથી લાભ થાય ખરો ? એ કરતાં સમજાવીને તેમ ન કરાય ?

પં. ચન્દ્રશેખરવિજયજી

**શંકા : બાળકને ધાક-ધમકીથી અથવા પરાણે પણ ધર્મક્રિયામાં જોડાવાથી લાભ થાય ખરો ? એ કરતાં સમજાવીને તેમ ન કરાય ?**

**સમાધાન :** જે બાળક છે તેનામાં વળી સમજવાની શક્તિનો વિકાસ જ ક્યાં છે ? કે જેથી તેને ધર્મક્રિયાનાં નિગૂઢ તત્ત્વો સમજાવી છકાય ?

વળી સિનેમા વગેરે જે પાપક્રિયાઓ છે તેની સમજણ આપીને તમે તેને તેમાં જોડો છો ? નહિ જ. નિશાળે પહેલે જ દિવસે દાખલ કરતાં શું બાળક જોરજોરથી રડતું નથી ? છતાં એક દિવસ એવો આવે છે કે એ જ બાળક નિશાળનો તીવ્ર રસ ધરાવતું થાય છે અને રસોઈ તૈયાર ન હોય તો જમવાનું પડતું મૂકીને પણ નિશાળે દોડે છે. આ જ વાત ધર્મક્રિયામાં પણ એટલી જ સરખી રીતે લાગુ પડે છે. જે ઉપકારી સંસ્કારી મા-બાપો પોતાનાં બાળકોને થોડીક ધાકથી પણ ધર્મક્રિયાઓમાં જોડતાં હોય તો તેમનાં બાળકો ભાવીમાં અદ્‌ભુત રસપૂર્વક ધર્મક્રિયા કરતાં થઈ ગયાં છે, ધર્માત્મા બન્યાં છે અને તે વખતે પોતાના વડીલોના આ ભરપૂર ઉપકાર છડેચોક કહેતાં હોય છે.

પણ સબૂર ! ધર્મક્રિયાઓમાં હજી ધાક જરૂર ચાલે, પરંતુ ધમકી કે મારપીટનાં શસ્ત્રો તો કદી હાથમાં ન લેવાં ઘટે. એથી તો બાળક વકરી પણ જાય.

વસ્તુતઃ પોતાનું જ ઉત્તમ ધર્માચરણ, ભરપૂર વાત્સલ્ય સાથે બીજી આંખમાં સહજ જણાતું હોય તો બાળકને કશું જ કહેવું નહિ પડે.

**શંકા : આજના શિક્ષણે જ નવી-પેઢીની ધાર્મિકતાનો નાશ નથી કર્યો ?**

**સમાધાન :** આજની શિક્ષણ-પદ્ધતિમાં ધર્મ અને સંસ્કૃતિનાં તત્ત્વોને સ્થાન આપ્યું નથી એટલે એ દૃષ્ટિથી એમ કહી શકાય કે જીવનવિકાસની દિશામાં શિક્ષણનો કોઈ ફાળો નથી. એટલું જ નહિ પણ જીવનનો વિનાશ કરી નાંખે તેવી પરિસ્થિતિ સર્જવામાં શિક્ષણ જ આડકતરી રીતે ગુનેગાર બન્યું છે. વિકાસનું શિક્ષણ ન મળવાથી જ આજના શિક્ષિતોના જીવનનો વિનાશ થયો છે. ભલે પછી સીધેસીધુ વિનાશનું શિક્ષણ સ્કૂલ-કોલેજમાં ન પણ અપાતું હોય.

ખેતર ખેડીને વાવણીને લાયક બનાવ્યા પછી જો ખેડૂત તેમાં બિયારણ ન નાંખે તો ઘાસ અને ખડ આપમેળે ય ઊગી જ જવાનાં છે. આમાં ખેડૂત જ ગુનેગાર ઠરે છે, આડકતરી રીતે બિયારણનું વાવેતર નહિ કરવા દ્વારા તે જ ઘાસ અને ખડનો ઉત્પાદક બને છે એમ કહી શકાય.

શિક્ષણ પણ જો આત્મગુણોનો વિકાસ ન કરે તો આત્માની અનાદિકાળની ચાલ જ એવી ખરાબ છે કે આપમેળે જ તેનામાં અવગુણો-દુષ્ટતાઓનો પ્રાદુર્ભાવ થઈને જ રહેશે. આવી સ્થિતિ આડકતરી રીતે ગુણો નહિ શીખવવા દ્વારા શિક્ષણે જ કરી એમ કહી શકાય.

પણ છતાં આ દોષ જેટલો શિક્ષણનો છે તેનાથી ય વધુ તો બીજી એક બાબતનો છે. જેનાથી આજનાં છોકરા-છોકરીઓનાં જીવન બરબાદ થઈ ગયાં છે.

હકીકતમાં તો અન્યાય, અનીતિ, જૂઠ, દુરાચાર, વ્યભિચાર વગેરે શિક્ષણ-શાળાઓમાં

શીખવવામાં આવતાં તો નથી જ, પછી તે દોષોનો ટોપલો શિક્ષણ ઉપર આડકતરી રીતે નાંખવો એના કરતાં સીધી રીતે આ જ્યાંથી જન્મે છે તેને જ કેમ દોષ ન દેવો ?

એ છે, કુમિત્રોનો કુસંગ. શિક્ષણ કરતાં કુ-સોબતે જ આજના કિશોરો, યુવાનો વગેરેનાં જીવન બરબાદ કરી નાંખ્યાં છે.

જેમનાં જીવન બદીઓ, કુટેવો, દુરાચાર વગેરેથી બરબાદ થયાં હોય તે બધાંની તમે સર્વે કરો. તમને પંચાણું ટકા એવું વિધાન કરનાર જોવા મળશે, જેમણે પોતાની બરબાદીનો આરંભ ખરાબ સોબતને કારણે જણાવેલ હોય.

આજના વડીલોએ પોતાનાં બાળકો કુ-સંગે ન ચડી જાય તેની પ્રત્યેક સેકંડે કાળજી કરવાની જરૂર છે. પરંતુ આ કામ હવે તેમના માટે ય ખૂબ કપરું બન્યું છે. શિક્ષણપદ્ધતિ જ એવી છે, જેમાં વડીલોની નજરેથી બાળકો દૂર થતાં હોય. બસ, આ પળોમાં જ એમના જીવનને ખરાબ છોકરાંઓ ખરાબ કરી મૂકતાં હોય છે. એમની નિર્દોષતાનો, ભોળપણનો કે કુતૂહલવૃત્તિનો ભયંકર દુરુપયોગ કરી નાંખતાં હોય છે. આ ચેપ એકધારી રીતે વ્યાપક બની રહ્યો છે. દસકાઓથી ચાલ્યો આવે છે. લગભગ બધા ફસાયા હોય ત્યાં 'તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ, જેવો દાવ રમાયા કરતો હોય છે.'

**<u>શંકા : પીડાથી તરફડતા વાછડાને ગાંધીજીએ મરાવી નાંખ્યો તે તેમની અહિંસા કે હિંસા ?</u>**

**<u>સમાધાન :</u>** ખુલ્લં-ખુલ્લા હિંસા જ કહેવાય. દુઃખમાંથી ઉગારી લેવાનો આ એક જ રસ્તો હતો એવું ગાંધીજીએ કેમ માની લીધું ? તેને જીવાડવા માટે કોઈ પ્રયત્ન કર્યો હોત તો શું તે વાછરડું ન જ બચી શકત ? મૃત્યુના મુખમાંથી પાછા ફરેલા કેટલાય માણસોના પ્રસંગો જગતમાં બનતા નથી શું ?

વળી તે જીવ જીવે કે મરે તે પ્રશ્ન જેટલો મહત્ત્વનો છે તેના કરતાં તેને જીવાડવાનો પ્રયત્ન કરવો એ જ ઘણી મોટી કરુણા છે, અને તેને મારી નાંખવાનો જ પ્રયત્ન કરવો એ ઘણી મોટી ક્રૂરતા છે.

વળી ગાંધીજીએ તરફડતા પશુ માટે આ નીતિ અપનાવી પણ તે જ નીતિ દેશી પદ્ધતિનાં કતલખાનાંઓને યાન્ત્રિક કતલખાનામાં ફેરવી નાંખવામાં ખૂબ મદદગાર બની. દેશી કતલખાનામાં પશુને કાપવાની જે રીત હતી તેમાં તે પશુ વધુ રિબાતાં હતાં એટલે તે રિબામણની જેમને દયા આવી ગઈ તેમણે તે પશુઓને તેવી રિબામણમાંથી છોડાવવા માટે યાન્ત્રિક કતલખાનાં ઊભાં કરી દીધાં. આમ થતાં યન્ત્રના કારણે હિંસાએ એકદમ વેગ પકડ્યો. વાંદરાના દેશી કતલખાને રોજના ૫૦૦ જીવ માંડ કપાતા, તે હવે દેવનારમાં રોજના ૫૦૦૦ જીવ ખચાખચ કપાવા લાગ્યા.

૫૦૦ જીવોની રિબામણની દયાના નામે પાંચ હજાર જીવોની કતલ ચાલુ કરી દીધી ! જુઓ તેમનું રિબામણની દયાનું દંભી ઓઠું !

દેશના જ કેટલાક લોકો માટે ન-છૂટકે રાજને જે માંસની સગવડ કરવી પડતી હતી તે હવે વિદેશીઓને માંસ પૂરું પાડવાની સગવડો થઈ ગઈ!

વિશ્વને માંસની સગવડ પૂરી કરવા અદ્યતન કતલખાનાં ચલાવવા લાગેલો આ દેશ થોડાં જ વર્ષોમાં સમસ્ત પશુ-સૃષ્ટિનો ભયાનક અભાવ જુએ તો નવાઈ નહિ !

પણ રાજકર્તાઓને પોતાની ખુરશીના ચાર પાયાથી વધુ આગળ કશું ય દેખાય જ ક્યાં છે ?

ગાંધીજીની એ રિબામણ-મુક્તિની દયાની ક્ષુલ્લક દૃષ્ટિ હજી પણ આગળ વધશે. યાન્ત્રિક કતલખાનાંઓની તો એણે પ્રેરણા આપી પણ કદાચ સગાં માબાપોને પણ કેન્સર વગેરેની રિબામણમાંથી મુક્ત કરી દેવા માટે 'સ્લો પોઈઝન' આપી દેવાની દૃષ્ટિનો યુગ શરૂ થશે.

અને પછી તેની અંદર-ભેદી રીતે ભારભૂત ગરીબ પ્રજા-સમસ્તને સ્લો-પોઈઝનથી મારી નાંખવાની ભેદી-ક્રૂરતા પણ ઉદ્ભવ પામે તો નવાઈ નહિ ?

# ઓ ગુરૂમા ! અમે તમને બિલકુલ યાદ નથી કરતા કારણ કે અમે તમને ભૂલ્યા જ નથી.

- અભિષેક તપોવની

જયવંતા જૈન શાસનને <u>પાલનપુરે પૂજ્યપાદ યુગપ્રધાન હીરસૂરિજી મહારાજની</u> ભેટ ધરી તો રાધનપુરે <u>પૂજ્યપાદ યુગપ્રભાવક ચન્દ્રશેખર-વિજયજી મહારાજની</u> ભેટ ધરી.

સમયે-સમયે જૈનશાસન આવા ઊર્જાવાન મહાપુરુષોને કારણે મહેકી ઉઠ્યું છે.

પૂજ્યપાદશ્રી તરફથી મળેલા ભવ્યવારસાના આપણે વંશજો છીએ અને આવા અણમોલ વારસાના વારસ તરીકે આપણે સદાયે ગૌરવ અનુભવીશું તેમાં શંકાને કોઈ સ્થાન નથી. એ વારસાની માત્ર ઝાંખી તો દેખો.

**<u>" જો વ્યક્તિનું હિત અને ગ્રુપનું હિત ટકરાય, તો વ્યક્તિએ ગ્રુપના હિતને મુખ્ય બનાવી સ્વહિત ગૌણ કરવું.</u>**

**<u>જો ગ્રુપનું હિત અને સમુદાયનું હિત ટકરાય, તો ગ્રુપે સમુદાયના હિતને મુખ્ય બનાવી સ્વહિત ગૌણ કરવું.</u>**

**<u>અને જો સમુદાયનું હિત અને શાસનનું હિત ટકરાય, તો સમુદાયે શાસનના હિતને મુખ્ય બનાવી સ્વહિત ગૌણ કરવું."</u>**

આ વારસો માત્રને માત્ર શાસનપ્રેમ દર્શાવી રહ્યો છે. First and Must શાસન. ગુરુદેવે આપણામાં આવા અતિ સમૃદ્ધ બીજ બોયા છે. હવે નક્કી આપણે કરવાનું છે કે આપણે ફળદ્રુપ જમીન છીએ કે બિનઉપજાઉ જમીન ?

હર પળે અને હર ક્ષણે તેઓ બીજાની ચિંતા કરતા હતા. ધર્મથી હારી ગયા તેના માનસને ધર્મ તરફ કર્યા, પરોપકાર તેઓનો નશો હતો. હા ! પરંતુ સ્વસાધનામાં તેઓ એવા જ લીન હતા. પ્રથમ સ્વસાધના પછી પરોપકાર તેવું ગુરૂસૂત્ર સદાને માટે તેમની પાસે હતું. આજે જ્યારે પરોપકારની હાટડીઓ ખુલી છે ત્યારે તમે પરોપકાર કરો તે શ્રેષ્ઠ છે પરંતુ સ્વસાધનાને ignore ના કરતા. લાકડાની તલવાર લઈને ધસી ન જતા નહીંતર તૂટતા ઝાઝી વાર નહીં લાગે." આવું મારી ગુરૂમાં સદા કહેતી.

પૂજ્યશ્રી Multy Personality ના સ્વામી હતા. લાખો વાચકોની તૃષા છુપાવતા એક મહાન લેખક પણ હતા, લાખો શ્રોતાઓના હૃદયને પરમશાંતિ અને અન્યાય સામે ક્રાંતિ આણતા એક ક્રાંતિદૂત પણ હતા, અધિક શાસ્ત્રચુસ્ત શ્રમણોના અધિપતિ પણ હતા, ગરીબોની ભૂખને ભાંગનારા એ મહાવીરના વિરલ અનુયાયી પણ હતા, તો રાષ્ટ્ર સંસ્કૃતિ સામેના પરિબળોને દૂર કરવા ધસી જનારા એ પ્રચંડ પ્રતિભાના સ્વામી પણ હતા. મને તો એ નથી ખબર પડતી કે કયો ગુણ પૂજ્યશ્રીથી દુર રહેવા માંગતો હતો ?

ગુરુદેવશ્રી દ્વારા થયેલ શકવર્તી અને યશસ્વી કાર્યોના કેન્દ્રમાં હંમેશા ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રનું કલ્યાણ રહ્યું છે. લોઢાના ચણા

ચાવવા સમાન તે કાર્યોની ઝાંખી.

(૧) ભારત સરકારના આયોજન પંચ દ્વારા ૧૦મી પંચવર્ષીય યોજના દ્વારા ભારતમાં ૫૬,૦૦૦ કતલખાના ખોલવાની યોજનાને સુપ્રીમ કોર્ટમાં પડકારીને તેને બંધ કરાવી. તે કરોડો અબોલ જીવોની દુઆ પૂજ્યશ્રી સાથે જ હતી.

(૨) આજથી ૩૨ વર્ષ પહેલા તપોવન યોજના વિશે વિચારી તેનું અમલીકરણ કરાયું. વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની મંગળ કૃપાથી ચાલુ થયેલા તપોવનો આજે ધમધમી રહ્યા છે. કાશ ! તપોવનના હોત તો જૈનશાસનની નવી પેઢી મહાવીરથી દુર ભાગતી હોત. પરંતુ પૂજ્યશ્રીની દુરંદેશી ઓ શાસનને નવી પેઢી અર્પી.

(૩) લાખો ગરીબોની ભૂખને ન જોઈ શકનારા તે કરૂણામૂર્તિની પાવન પ્રેરણાથી આજે માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર ભારતમાં 'શ્રી મહાવીર ખીચડી ઘર'ના નામે અન્નક્ષેત્ર ચાલુ થયા છે. વાહ ! ગુરુદેવ.

(૪) વર્ધમાન સંસ્કારધામ અને અખિલ ભારતીયસંસ્કૃતિ રક્ષક દળ જેવી ૨૮૦૦૦ યુવાનોની ફોજ તૈયાર કરી હતી. જે યુવાનો ચારિત્ર્યવાન, ધર્મવાન અને નિષ્ઠાવાન હતા.

(૫) પાકિસ્તાનની સરકાર દ્વારા મૂળ ભારતના એવા હજારો હિન્દુઓને હિન્દુસ્તાનમાં ધકેલી દેવાયા ત્યારે આવા હિન્દુ કુટુંબોનું કોઈ નહોતું ત્યારે પૂજ્યપાદશ્રી તેમની વ્હારે ગયા અને માત્ર એક પ્રવચનના બળથી તેઓએ લાખો રૂપિયાની સંપતિ તે હિન્દુ કુટુંબોને અપાવી અને ભારતમાં તેમને સ્થિર કર્યા. તે કુટુંબો અને શ્રીભુજ સંઘના તત્કાલીન સભ્યો પણ પ્રસંગને યાદ કરતા રડી પડે છે.

(૬) ૨૫૦ જેટલા પુસ્તકોની ભેટ આપી. જે પુસ્તકો શ્રમણ, ગૃહસ્થ, કુટુંબ બધાને માટે ઉપયોગી હતા. પૂજ્યશ્રીના અમુક પુસ્તકોની આગાહી તો વર્તમાનમાં સચોટ જોઈ શકાય છે. ખુદ પોતાનો કાળધર્મનો સમય પણ લખીને ગયા છે.

(૭) દુષ્કાળના કપરા સમયે હજારો પાંજરાપોળ માટે પ્રવચનની પ્રેરણાથી દાનની ગંગા વહેવડાવી. કરોડો અબોલ જીવોને શાતા અર્પી.

(૮) પ્રભુપંથની મંગલ આરાધનામાં સ્થિર કરવા પૂજ્યપાદ ગુરુમૈયાએ સાધર્મિકો માટે આવાસ યોજનાની પ્રેરણા કરી અને જયણા દ્વારા સાધર્મિક ઉત્કર્ષની યોજના અમલમાં મૂકી.

(૯) Western lifestyle સામે જબરદસ્ત ટક્કર ઝીલી. હજારો પ્રવચનો દ્વારા ભારતીય સંસ્કૃતિની શાન વધારી. લોકોને સાવધાન કર્યા. પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં ૨,૫૦૦ લોકો તો સાહજીક થતા અને વિના માઈકે પ્રવચન કરવું તે તેમની લાક્ષણિકતા હતી. દિવંગત વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ પ્રવચન સાંભળી માઈક દ્વારા વ્યાખ્યાન કરવા વિનંતી કરી તો તેમનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો હતો.

(૧૦) અંતરિક્ષજી, ગિરનારજી જેવા તીર્થોની રક્ષા માટે જાનની પરવા ન કરી. આજે પણ પૂજ્યપાદશ્રીના શાસનપ્રભાવક શિષ્યો

દ્વારા તીર્થરક્ષાના અદ્‌ભુત કાર્યો થઈ રહ્યા છે.

ગુરુદેવશ્રી કાર્યોમાં હંમેશા તેમની આગવી સુઝ અને દુરંદેશી ડોકાયા વગર ન રહેતી. ગુરુદેવશ્રીના કાર્યોએ શાસનને, સંસ્કૃતિને અને રાષ્ટ્રને ફાયદો કરાવ્યો છે. આવા કાર્યો કોઈ કરી શકે કે કેમ એ પ્રશ્નાર્થ ચિહ્ન બનીને રહેશે. મે તો માત્ર થોડા કાર્યોની ઝાંખી દ્વારા તમને દર્શનાભૂતિ કરાવી છે. બાકી ગુરુદેવની પ્રતિભાને માપવી એ સાગરને ફુટપટ્ટીથી માપવા બરાબર છે.

ગુરુદેવશ્રીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ જ્યારે ઉજવાઈ રહી છે ત્યારે આપણે ધરીએ કે ગુરુદેવ ઉપર બેઠા-બેઠા ખુશ થઈ જાય. વિશાળ કાર્યો કરીએ ત્યારે આપણે માત્ર એમ જ વિચારવાનું રહે કે આપણે કોની વાર્ષિક પુણ્યતિથિની ઉજવણી કરીએ છીએ ? ગુરુદેવશ્રીની પ્રતિભા અજેય હતી.

ગુરુદેવશ્રીએ આપણને તેમની કાલ આપી હતી આપણે તેમને આવતીકાલ આપવાની છે. આગવી આવતીકાલની જે શોધ તેઓ કરતા હતા તે પૂર્ણ કરવાની છે.

ગુરુદેવ ફિકર ન કરતા તમને જરૂરથી કાલક, કલ્પક, કૃણાલ, કપર્દિ અને કુમારપાળ અહીંથી જ મળી જશે. આદર્શને વાસ્તવિકતામાં બદલતા હવે ઝાઝી વાર નથી હોં. તમે કૃપા વરસાવો.

**ગુરુકૃપા હિ કેવલમ્ શિષ્યમ્ પરમ્ મંગલમ્.**

## સંપાદકીય

સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર **પ.પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની આજ્ઞાથી **પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**ના શિષ્ય-પ્રશિષ્યોના વિ.સં. ૨૦૬૮માં કુલ ૧૮ સેન્ટરોમાં શાનદાર રીતે ચાતુર્માસ પ્રવેશ થયેલ છે. અને દરેક ક્ષેત્રોમાં અવનવી અદ્‌ભૂત ધર્મ આરાધનાઓનો પ્રારંભ થઈ ચૂક્યો છે. તે અંગેના ચાતુર્માસીક શાસનપ્રભાવક સમાચારો આગામી અંકોમાં આપવામાં આવશે.

- સંપાદક

## C.M. તપોવન પધારશે

પૂજ્ય ગુરૂમા પ્રત્યે વર્ષોથી અનન્ય ગુરૂભક્તિ અને અપૂર્વ માન ધરાવનાર ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ગાંધીનગર રૂબરૂ મળીને ગુરૂગરિમા દશમી પર્વ પ્રસંગનું આમંત્રણ તપોવન ટ્રસ્ટી મંડળ અને નવયુવાનો દ્વારા આપવામાં આવતાં C.M. સાહેબે તેમની અનુકુળતા પ્રમાણે તા. ૨૮ જુલાઈ, શનિવાર પૂ. ગુરૂમાના સ્વર્ગારોહણદિને સવારના કાર્યક્રમમાં તપોવન પધારવા સંમતિ આપી છે.

- સંપાદક

# આયુર્વેદનો સુવર્ણયુગ ફરીથી આવી રહ્યો છે..

## ગુજરાતી આયુર્વેદાચાર્યોની જાપાન, જર્મનીમાં વધી રહેલ બોલબાલા

**જાપાનની યુનિ.એ આયુર્વેદની પદ્ધતિનો અભ્યાસક્રમમાં સમાવેશ કર્યો.**

આયુર્વેદની માગ વિશ્વમાં વધી રહી છે. એવું વિદેશમાં જઇને આયુર્વેદ અંગે પ્રશિક્ષણ, પ્રવચન અને આયુર્વેદિક જીવનશૈલી અંગે માર્ગદર્શન આપતા ગુજરાતના આયુર્વેદાચાર્યો કહી રહ્યા છે. અમદાવાદના એક આયુર્વેદાચાર્ય તો જાપાનની યુનિવર્સિટીમાં પ્રશિક્ષણ આપે છે અને આયુર્વેદની એક પદ્ધતિને અભ્યાસક્રમમાં દાખલ કરી છે. આયુર્વેદ પ્રાચીન સમયમાં આયુર્વેદિક પ્રાચીન સમયમાં આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિનો વિશ્વમાં ખૂબ પ્રસાર હતો પરંતુ ત્યારબાદ તેના 'પ્રચાર-પ્રસાર વિદેશી આક્રમણોના કારણે ઘટ્યો પરંતુ હવે **ફરીથી આયુર્વેદનો સુવર્ણયુગ આવી રહ્યો છે,** તેવુ આયુર્વેદાચાર્યો માની રહ્યાં છે. અમદાવાદમાં રહેતા આયુર્વેદાચાર્ય ડૉ. દેવેન્દ્ર શાહ જેઓ જાપાનમાં આવેલી ટોયામાં યુનિવર્સિટીમાં આયુર્વેદની પદ્ધતિ ક્ષારસૂત્ર અને પંચકર્મ અંગે પ્રશિક્ષણ આપે છે. ડૉ. દેવેન્દ્રભાઈએ જણાવ્યું કે ટોયામાં યુનિવર્સિટીએ ક્ષારસૂત્ર પદ્ધતિ અંગે ૧૫ વર્ષ સુધી પ્રયોગ કરીને તેને અભ્યાસક્રમમાં દાખલ કરી છે. હું છેલ્લા ૧૨ વર્ષથી જાપાન જાઉં છું અને ત્યાંના એમ.ડી. થયેલા સર્જનોને આ પદ્ધતિ શીખવું છું. હું ઇટાલીમાં પણ ગયેલો છું. યુરોપીયન દેશો સહિત આયુર્વેદની માગ અત્યારે વધી રહી છે. આપણે ડોક્યુમેન્ટશનની જરૂર છે. તેની સાથે જ પ્રયોગો કર્યા હોય તેની વિગતો હોવી જોઈએ. તમારી પદ્ધતિ - ઓથેન્ટિક, ટેસ્ટેડ એ વિથ ડોક્યુમેન્ટેશનવાળી હોવી જોઇએ. અમદાવાદના જ ડૉ. પ્રેરક શાહ નિયમિત રીતે જર્મનીમાં જાય છે. તેઓ અત્યાર સુધીમાં ૧૨ દેશોમાં આયુર્વેદ જીવનશૈલી અંગે પ્રવચન આપી આવ્યાં છે. ડૉ. શાહ જણાવે છે કે આયુર્વેદની માંગ વિશ્વના યુરોપીય દેશો, જર્મની, લંડનમાં વધી રહી છે. એટલું જ નહીં અનેક વિદેશીઓ રોગનિવારણ માટે આવે છે. આયુર્વેદની સૌથી વધુ માંગ જર્મનીમાં છે. જર્મનીમાં તો આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનો ઉપયોગ ત્યાંના ડૉક્ટર કરે છે. આયુર્વેદાચાર્ય ડૉ. પ્રવીણભાઈ હીરપરાએ જણાવ્યું કે આયુર્વેદનું મહત્ત્વ પ્રાચીન સમયથી જ

ભારતમાં જ નહીં વિદેશોમાં પણ હતું. પરંતુ મધ્યકાળમાં હુણ અને મોગલોના આક્રમણથી અને યુનાની ચિકિત્સા પદ્ધતિના ફેલાવાને કારણે તે ઓછું થયું અને અત્યારે ફરીથી સુવર્ણયુગ આવી રહ્યો છે. પ્રાચીન સમયમાં લોકો નાલંદા-તક્ષશીલા, વિક્રમશીલા જેવા વિશ્વ વિદ્યાલયમાં મોસોપોટેમીયા, ગ્રીસ, ચીન, ઈરાન વગેરે દેશોમાંથી ભણવા આવતા હતા. જ્યારે આજે વિશ્વની જામનગર ખાતેની આયુર્વેદ યુનિ.માં વિશ્વના વિવિધ ૨૬ દેશોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે.

## માનો યા ન માનો-દુઃખાવા કે ઈન્જેક્શન વગર દાંત નીકળી શકે યોગ અને આયુર્વેદના સંગમથી બે લાખ દાંત કાઢવામાં વૈદ્ય સફળ

યોગ અને આયુર્વેદનો સંગમ કરીને અનોખી ચિકિત્સા પદ્ધતિ દ્વારા દુઃખાવા વગર મિનિટોમાં દાંત કાઢવાની અનોખી પદ્ધતિ આણંદ ખાતે આયુર્વેદ સંમેલનમાં રજૂ કરી ત્યારે દેશભરમાંથી આવેલા વૈદ્યો અચંબામાં પડ્યા હતા. લુપ્ત થઈ રહેલી આ પદ્ધતિ દ્વારા બે લાખ લોકોના દાંત કાઢવાનો અનોખો વિક્રમ શ્રી લાભશંકર શુક્લ દ્વારા પ્રસ્થાપિત થયો છે. જલંધર બંધ, ઉડિયાન બંધ એ મૂળ બંધ પદ્ધતિમાં માથાને છાતી તરફ નીચુ નમાવીને ગળાની પાછળ તથા માથા ઉપરની નશો દબાવી રાખી, સ્પાઈનલ કોડ ઉપર દબાવી રાખીને દાંતને ચીપિયાથી ખેંચી લેવામાં આવે છે દર્દીને પોટલા ઉપર બેસાડીને તેના બે હાથ ઈડા અને પીંગળા નાડી પર દબાણ રાખીને દાંતને ખેંચી લેવામાં આવે છે. આ તમામ નાડીઓનું યોગમાં ઘણું મહત્ત્વ હોય છે. **રાજકોટ પાસેના રતનપરના પુનિતધામમાં દાંત કાઢવાનું કામ કરતા વૈદ્ય લાભશંકર શુક્લને હિમાલયના એક વૈદ્યે ૧૫ વર્ષની ઉંમરે ભાવનગરમાં આ વિદ્યા શીખવી હતી.** લુપ્ત થતી આ વિદ્યા તેમના ગયા પછી સદંતર લુપ્ત ન થઈ જાય તે માટે ૧૦૦ જેટલા દંતવૈદ્યને તેમણે વિધિસરનું શિક્ષણ આપ્યું છે. તેઓ પણ આ રીતે દાંત કાઢવાના નિષ્ણાત બની ગયા છે. તેમના પુત્રી સરોજબેન જોશી કે તેઓ પણ પિતાના પગલે દાંત કાઢવાની સારી આવડત મેળવીને ૩૦ વર્ષથી દાંત કાઢવાનું કામ કરે છે. આયુર્વેદના વૈદ્યની પદવી ધરાવે છે. આ પદ્ધતિ જોઈને દેશભરની આયુર્વેદિક કંપનીઓના મેનેજરો અને દેશના વૈદ્યો પણ ચકચકિત થઈ ગયા હતા. સ્થળ ઉપર દાંત કઢાવવામાં આણંદના ડૉક્ટરો પણ હતા. દાંતને આંગળી કે દાંતના ડૉક્ટરના પકડથી પણ કાઢી શકાય છે.

## આ રો ગ્ય ન વ ની ત

# પોલીયોની રસીનો કાર્યક્રમ બોફોર્સ કરતાં મોટું કૌભાંડ છે

**સંજય વોરા**

કેન્દ્ર સરકારના લાખ પ્રયાસો છતાં ભારતમાં પોલિયોના કેસ ઘટવાને બદલે વધી રહ્યા છે. ઈ.સ. ૧૯૯૫માં પલ્સ પોલિયોની ઝુંબેશ વિદેશી સંસ્થાઓની દોરવણી હેઠળ શરૂ કરવામાં આવી ત્યારે આપણને કહેવામાં આવ્યું હતું કે માત્ર પાંચ વર્ષમાં દેશ પોલિયોમુક્ત બની જશે. ઈ.સ. ૨૦૦૫ની સાલમાં દેશમાં પોલિયોના ૬૬ જ કેસ નોંધાયા ત્યારે આશા બંધાઈ હતી કે પોલિયોની નાબૂદી હાથવેંતમાં છે. ઈ.સ. ૨૦૦૮ની સાલમાં પોલિયોના નવા કેસોની સંખ્યા વધીને ૫૬૫ ઉપર પહોંચી ગઈ ત્યારે ખ્યાલ આવ્યો કે પલ્સ પોલિયોના કાર્યક્રમમાં ખાટલે જ મોટી ખોડ છે. હકીકતમાં પલ્સ પોલિયોનો કાર્યક્રમ કેન્દ્ર સરકાર પાસે શરૂ કરાવીને પોલિયોની ઓરલ વેક્સીન બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓએ બોફોર્સ કરતાં પણ મોટું કૌભાંડ આચર્યું છે.

આજથી ચૌદ વર્ષ અગાઉ ભારતમાં પલ્સ પોલિયો અભિયાન શરૂ કરવામાં આવ્યું ત્યારે આપણી સરકારને અને તેમાં ઉચ્ચ સ્થાને બેઠેલા અધિકારીઓને બરાબર જાણ હતી કે ઓરલ પોલિયો વેક્સીનથી પોલિયોને નેસ્તનાબૂદ કરી શકાય તે શક્ય જ નથી. તેમ છતાં ઈ.સ. ૧૯૯૫માં માત્ર આ રસી બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓને ખટાવવાના ઈરાદાથી જ દેશમાં અબજો રૂપિયાના ખર્ચે પલ્સ પોલિયોની ઝુંબેશ શરૂ કરવામાં આવી. આજે ચૌદ વર્ષ પછી હવે આપણી સરકારને જાણે બ્રહ્મજ્ઞાન લાધ્યું છે કે ઓરલ પોલિયો વેક્સીનથી ભારતમાં પોલિયો ઉપર કાબૂ મેળવી શકાય તેમ જ નથી; માટે ભારતનાં દસ કરોડ બાળકોને હવે ઈન્જેક્શન વાટે પોલિયોની આધુનિક રસી આપવાની યોજના વિચારવામાં આવી રહી છે. અત્યારે બાળકોને પોલિયોનાં જે ટીપાં પિવડાવવામાં આવી રહ્યાં છે, તેના એક ડોઝની કિંમત માત્ર ૩ રૂપિયા હોય છે; જ્યારે ઈન્જેક્ટિબલ વેક્સીનના એક ડોઝની કિંમત ૪૫૦ રૂપિયા થાય છે. કોઈ પણ બાળકને આ રસી દ્વારા પોલિયો સામે પૂરેપૂરું સંરક્ષણ આપવું હોય તો ઓછામાં ઓછા ત્રણ ડોઝ તો આપવા જ પડે, જેની કિંમત ૧૩૫૦ રૂપિયા થાય.

અમેરિકાએ છેક ઈ.સ. ૧૯૯૫ની સાલમાં પોતાના દેશમાં ઓરલ પોલિયો વેક્સીન વાપરવાનું બંધ કરી દીધું હતું. તેનું કારણ એ હતું કે અમેરિકામાં દર વર્ષે આ રસી લેવાને કારણે જ એકાદ ડઝન પોલિયોના નવા કેસો નોંધાતા હતા. જેમને રસી લેવાને કારણે પોલિયો થાય તેઓ અમેરિકી સરકાર સામે અને રસી બનાવતી કંપનીઓ સામે નુકસાનીના દાવાઓ માંડતા હતા. આ કારણે અમેરિકાએ પોતાના દેશમાં ઓરલ પોલિયો વેક્સીનના સ્થાને ઈન્જેક્ટિબલ પોલિયો વેક્સીન વાપરવાની શરૂ કરી હતી. ત્યારે આ રસી બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓના ગોડાઉનમાં ઓરલ પોલિયો વેક્સીનના અબજો ડોઝ વપરાયા

વગરના રહી ગયા હતા. આ ડોઝ ગટરમાં પધરાવી દેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો; કારણ કે આ રસીથી જ પોલિયો થાય છે તેવું અમેરિકામાં સાબિત થઈ ચૂક્યું હતું. દવા બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓને આ નુકસાનથી બચાવવા માટે વર્લ્ડ હેલ્થઓર્ગેનાઈઝેશને ભારત નામનો બકરો શોધી કાઢ્યો હતો.

ભારત સરકારના આરોગ્ય ખાતામાં કામ કરતા ઉચ્ચ અધિકારીઓ નિવૃત્ત થયા પછી હંમેશા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં મોભાદાર નોકરી મેળવવાની ફિકરમાં હોય છે. તેમના ગળે પોતાની વાત ઉતારવામાં વર્લ્ડ હેલ્થઓર્ગેનાઈઝેશનને જરાય વાંધો આવે તેમ નહોતું. ભારતના અનેક ભ્રષ્ટ રાજકારણીઓ તો વર્લ્ડ બેન્ક અને વર્લ્ડ હેલ્થઓર્ગેનાઈઝેશન જેવી સંસ્થાઓના પગારપત્રક ઉપર જ હોય છે. તેમને જો કટકી મળતી હોય તો તેઓ કોઈ પણ પ્રજાવિરોધી નિર્ણય લેવા તૈયાર થઈ જતા હોય છે. આ રીતે ભારતનાં બાળકોને ઓરલ પોલિયો વેક્સીનના ડોઝ પિવડાવવાનું કૌભાંડ છેક ઈ.સ. ૧૯૯૫ની સાલમાં આકાર પામ્યું. તેમાં યુનિસેફ અને રોટરી ક્લબ જેવી સંસ્થાઓએ વચેટિયાની ભૂમિકા ભજવી.

ભારતમાં ઈ.સ. ૧૯૯૫ની સાલમાં પલ્સ પોલિયો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારે દેશને પોલિયોમુક્ત કરવા માટે ઈ.સ. ૨૦૦૦ની ડેડલાઈન નક્કી કરવામાં આવી હતી. આ સાલ સુધીમાં પોલિયો નાબૂદ ન થયો ત્યારે છેલ્લામાં છેલ્લી ડેડલાઈન ઈ.સ. ૨૦૦૫ની નક્કી કરવામાં આવી હતી. ઈ.સ. ૨૦૦૫ની સાલ પછી આપણા દેશમાં પોલિયોના જેટલા કેસો નોંધાયા તેમાંના મોટા ભાગના કિસ્સાઓમાં બાળકોએ એક કરતાં વધુ વખત પોલિયોની મોં વાટે લેવાની રસી પીધી હતી. આ બાળકોને રસીને કારણે પોલિયો સામે કોઈ સંરક્ષણ મળ્યું નહોતું. **<u>કેટલાંક બાળકોને તો માત્ર અને માત્ર આ રસી લેવાને કારણે જ પોલિયોની બીમારી લાગુ પડી હતી.</u>** ભારતની ગરીબ પ્રજા પોતાના અધિકારો બાબતમાં અભાન છે; અન્યથા જે બાળકને પોલિયોની રસી લેવાને કારણે પોલિયો થયો છે, તેઓ સરકાર સામે નુકસાનીનો દાવો કરી શકે છે અને જીતી પણ શકે છે.

અત્યારે આપણે ઈ.સ. ૨૦૧૨ની સાલમાં જીવી રહ્યા છીએ ત્યારે બધાને સમજાઈ ગયું છે કે ઓરલ પોલિયો વેક્સીન વડે દેશમાંથી પોલિયોને નેસ્તનાબૂદ કરવાનું શક્ય જ નથી. માટે હવે સરકાર તરફથી પલ્સ પોલિયોના કાર્યક્રમ માટે ઈન્જેક્ટિબલ પોલિયો વેક્સીન આપવાની ગંભીર વિચારણા ચાલી રહી છે. આ રસી તાલીમબદ્ધ ડોક્ટર અથવા નર્સો દ્વારા જ આપી શકાય તેમ છે, જેની ભારતમાં મોટી અછત છે. વળી આ રસી ચિક્કાર મોંઘી છે. આ રસીના એક ડોઝની કિંમત જ ૪૫૦ રૂપિયા છે. બાળકને સુરક્ષા આપવા માટે ઓછામાં ઓછા ત્રણ ડોઝ તો આપવા જ પડે. ઓરલ પોલિયો વેક્સીન શરૂ કરવામાં આવી ત્યારે આપણને કહેવામાં આવ્યું હતું કે પાંચ ડોઝ લેનારાં બાળકને આ રસીથી જિંદગીભરની સુરક્ષા મળી જશે. આજે પાંચ વર્ષનાં બાળકે ૪૦ ડોઝ પી લીધા હોય છે તો પણ તેને પોલિયો સામે રક્ષણ મળતું નથી. આવું ઈન્જેક્ટિબલ રસીનું પણ બની શકે છે.

ઓરલ પોલિયો રસીથી પોલિયો કેવી રીતે થાય? આ સમજવા જેવો મુદ્દો છે. જ્યારે નબળા પાડી દેવામાં આવેલા પણ જીવંત

વાઈરસ બાળકના શરીરમાં દાખલ કરવામાં આવે છે ત્યારે આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિ તરત જ જાગૃત થઈ જાય છે અને પોલિયોના શક્તિશાળી વાઈરસ સામે લડવા માટેની એન્ટીબોડી બનાવવા લાગે છે. ઘણી વખત આ નબળા વાઈરસ આપણા શરીરમાં પ્રવેશીને બળૂકા બની જાય છે અને આપણા જ્ઞાનતંત્ર ઉપર હુમલો કરે છે, જેને કારણે શરીરમાં પોલિયો પેદા થાય છે, જેને તબીબી ભાષામાં 'વેક્સીન એસોસિયેટેડ પેરેલિટિક પોલિયો' (વીએપીપી) તરીકે ઓળખવામાં આવે છે. મોં વાટે પીવાની પોલિયોની રસી વડે બાળકને પોલિયો થાય છે, તેની વર્લ્ડ હેલ્થઓર્ગેનાઈઝેશનને પહેલેથી ખબર જ હતી. તો તેણે શા માટે આપણને આ રસી વાપરવાની સલાહ આપી ? આપણા દેશના પલ્સ પોલિયો કાર્યક્રમ માટે આ રસીની પસંદગી કરનારા નિષ્ણાતોને પણ આ વાતની અગાઉથી જાણ હતી. તો તેમણે શા માટે આ રસી ઉપર પોતાની પસંદગી ઉતારી ? આ બાબતમાં ઊંડી તપાસ કરવાની જરૂર છે.

ઓરલ પોલિયો રસીની બીજી મુશ્કેલી એ છે કે આ રસીને માઈનસ બેથી માઈનસ આઠ ડિગ્રી ઉષ્ણતામાને જ સંગ્રહ કરી રાખવી પડે છે. જો ઉષ્ણતામાન જરા જેટલું પણ વધુ હોય તો આ રસી પોતાની અસરકારકતા ગુમાવી બેસે છે, એમ નિષ્ણાતો કહે છે. આ પરિસ્થિતિમાં આ રસી ફ્રિજમાંથી કાઢીને તરત જ બાળકને પિવડાવવી જોઈએ. ભારતમાં આપણે જોઈએ છીએ કે સ્વયંસેવકો આ રસી આઈસબોક્સમાં ઘરે ઘરે લઈને ફરતા હોય છે અને બરફ તો ઓગળી ગયો હોય છે. આ કારણે આ રસી પોતાની અસરકારકતા ગુમાવી બેસે છે અને તેની પાછળ કરવામાં આવેલી મહેનત પાણીમાં જાય છે. ભારત જેવા પછાત દેશમાં દરેક ગામમાં ફ્રિજ નથી હોતા એ વાતની શું આપણા નેતાઓને જાણ નહોતી ? તો શા માટે ઓરલ પોલિયો વેક્સીન ઉપર પસંદગી ઉતારવામાં આવી ? આ બાબતની તરતપાસ થવી જ જોઈએ અને જવાબદાર રાજકારણીઓ સામે કામ ચલાવવું જોઈએ.

ગયા વર્ષે ભારતમાં પોલિયોના નવા ૫૬૫ કેસો જોવા મળતા ચોંકી ગયેલી ભારત સરકાર હવે કહે છે કે હવે ટૂંક સમયમાં ઉત્તર પ્રદેશમાં બાળકોને ઈન્જેક્ટિબલ પોલિયો વેક્સીન આપવાનો પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે અને પછી આખા ભારતમાં તેનો અમલ કરવામાં આવશે. આ વિવરણ ઉપરથી રખે કોઈ એમ માની લે કે ઈન્જેક્ટિબલ પોલિયો વેક્સીન આપણા દેશ માટે ઈષ્ટ છે. આ રસીના ત્રણ ડોઝનો ખર્ચ ૧,૩૫૦ રૂપિયા આવે છે. આપણા દેશમાં આશરે ૨૦ કરોડ બાળકોને આ રસી આપવી પડશે. એટલે કે આ કાર્યક્રમમાં માત્ર રસીનો જ ખર્ચ ૨૭,૦૦૦ કરોડ રૂપિયા થાય. બીજા શબ્દોમાં આ રસી બનાવતી ફાર્મા કંપનીઓને એટલો ફાયદો થાય. શું આપણા દેશમાં ૨૦ કરોડ બાળકોને આ રીતે ઈન્જેક્શન વડે રસી આપવાની યંત્રણા છે ખરી ? જો યંત્રણા હોય તો પણ જે માબાપો પોલિયોનાં બે ટીપાં પિવડાવવા પણ તૈયાર નથી થતાં તેઓ આ રીતે ઈન્જેક્શન અપાવવા તૈયાર થશે ખરા ? આ રીતે ઈન્જેક્શન આપવાને કારણે બાળકોને બીજા ચેપ નહીં લાગે તેની ગેરન્ટી છે ખરી ? એમ લાગે છે કે હવે ઈન્જેક્ટિબલ રસીના સ્વરૂપમાં એક વધુ મોટું કૌભાંડ આકાર ધારણ કરી રહ્યું છે.

# નવી પેઢી ધર્મવિમુખ કેમ ?

**મુનિ ગુણહંસવિજયજી**

પૂજ્યપાદ શિબિરાદ્યપ્રણેતા ભુવનભાનુસૂરિજીનો પૂર્વનો કાળ જોઈએ તો એ વખતે દેરાસરો અને ઉપાશ્રયોમાં ઘરડાઓની સંખ્યા વિશેષ પ્રમાણમાં રહેતી. એની ચિંતા દાદાગુરુદેવ પ્રેમસૂરિજી મ.થી માંડીને લગભગ તમામ શાસનરાગી મહાપુરુષોને હતી.

પણ વિશિષ્ટ પ્રવચનકારોનો યુગ શરુ થયો, પ્રવચનશૈલિ બદલાઈ, પુણ્યશાળી અને સંયમશાળી અનેક મહાત્માઓનો સઘન પુરુષાર્થ શરુ થયો, એક જુવાળ આવ્યો, જેની પરાકાષ્ઠા એટલે પૂ. ગુરુદેવશ્રીના માઈક વિનાના વ્યાખ્યાનમાં પણ આઠ-દસ હજાર માણસની મેદની... એમ સામાન્યથી કહી શકાય.

વચ્ચેના ચાલીસેક વર્ષો ધમધમતા રહ્યા.

છેલ્લા પાંચેક વર્ષથી ફરી પાછી જુની ફરિયાદ શરુ થઈ છે 'નવી પેઢી દેખાતી નથી.' હજી કદાચ નવી પેઢીનો દેરાસરમાં પ્રવાહ અસ્ખલિત રીતે ચાલુ જ છે, પણ ઉપાશ્રયોમાં એમની અવરજવર-હાજરી એકંદરે ઘણી ઘટી ગઈ હોય, એમ લાગે. (આમાં પાંચેક ટકા સંઘો બાદ કરી દેવાના, પાંચેક ટકા પુણ્યશાળી સાધુઓ બાદ કરી દેવાના...)

આમાં કોઈપણ પદાર્થ ઉપર વગર વિચાર્યે દોષારોપણ કરવાને બદલે જો ચારેબાજુના પાસા વિચારશું, તો જ રોગ હાથમાં આવશે, તો જ દવા થઈ શકશે.

નીચેની બાબતો ધ્યાનમાં લેજો.

(૧) પ્રવચનમાં ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરના ભાઈઓ કે બહેનો કેટલા હોય ? મને લાગે છે કે ૫% પણ નહિ હોય.

(૨) પાઠશાળામાં સાતમા ધોરણ સુધીના બાળકો ભણવા આવે, આઠ-નવ વાળા ઘટે, દસમાવાળા કે એની ઉપરવાળા લગભગ જોવા ન મળે.

(૩) ૧૫થી ૩૫વાળામાં પૂજા કરનારો વર્ગ એકંદરે સારો, દર્શન કરનારો વર્ગ તો ઘણો હશે...

(૪) છ'રી પાલિતસંઘમાં તપાસ કરો, આરાધકો કઈ ઉંમરવાળા છે ?

(૫) પાલિતાણા વગેરે ખાતે થતા ચોમાસાઓમાં તપાસ કરો, આરાધકો કઈ ઉંમરવાળા છે ?

આ બધા પાછળનું શું કારણ ? એ ચકાસવું પડશે.

(ક) જુના કાળમાં શિક્ષણનું મહત્ત્વ ઓછું ! શાળામાં થોડુંક અક્ષરજ્ઞાન મેળવી લેવાનું, એમાં ટકાઓ લાવવાની, ટ્યુશનો કરવાની કોઈ જરુર જ નહિ. એટલે ત્યારના લોકો સમય કાઢી શકતા, ધર્મમાર્ગે જોડાઈ શકતા.

આજે શિક્ષણનું મહત્ત્વ ખૂબ વધી ગયું. છોકરી ગ્રેજ્યુએટ ન હોય, તો લગ્ન કરવામાં તકલીફ પડે, છોકરો ય ડીગ્રીધારી તો હોવો જ જોઈએ, ભલે પછી એ ધંધો કરે... આ બધા માટે શિક્ષણનો બોજો ખૂબ ખૂબ વધી ગયો, ટ્યુશનો ચિક્કાર વધી ગયા. પાંચ વર્ષ સુધી મમ્મીના ખોળા ખુંદનારાઓ હવે તો બીજા-ત્રીજા વર્ષે નર્સરી વગેરેમાં અટવાઈ ગયા... એમને આખા દિવસમાં સ્કુલ-ટ્યુશનાદિમાં જ એટલો સમય જાય કે ઉપાશ્રય આવવાનો, વ્યાખ્યાન સાંભળવાનો, ધર્મારાધના કરવાનો સમય જ એને મળે.

(ખ) મોંઘવારી ખૂબ વધી, ભોગવિલાસની સામગ્રીઓ ખૂબ વધી, આ બધાના કારણે ખર્ચાઓ ખૂબ વધી ગયા, એટલે ઓછી કમાણીમાં સંતોષ ન જ થાય એ સ્વાભાવિક છે, એટલે ખર્ચાને પહોંચી વળવા = વધુ કમાણી કરવા માટે વધુ મજુરી કરવી પડે, એટલે પાંચેક કલાક નોકરી-ધંધા પાછળ આપવાને બદલે ગધ્ધામજુરી શબ્દને પણ સારો કહેવડાવે એવી કાળી મજુરી, દસ-બાર કલાકની રોજની રોજ કરવાની થાય.

આવી સખત હાડમારીમાં જીવન

જીવનારાઓને સમય જ ક્યાંથી મળે ઉપાશ્રયે આવવાનો ! ૯.૦૦ વાગ્યાનું પ્રવચન હોય, પણ આ બધાએ તો ૯.૦૦ વાગે કામે લાગી જવાનું હોય. આપણે ૭ થી ૮... વહેલું પ્રવચન રાખીએ, તો પણ સવારે ચા-નાસ્તો, સ્નાન-પૂજા, છાપા આદિ તો એમણે કરવાના જ હોય, શી રીતે આપણા વહેલા પ્રવચનમાં જોડાય ? ઘણા વળી રાત્રે મોડે સુધી જાગતા હોવાથી દિવસે સમયસર ઉઠે જ નહિ, એટલે તેઓ પણ હાજર ન રહી શકે.

(ગ) મોંઘવારીની સામે બાથ ભીડવામાં પતિ નબળો પડતો હોવાથી હવે બહેનો પણ નાના-મોટા કામ-કાજ કરતી થઈ ગઈ છે. એટલે બહેનો પણ આરાધનામાં ન જોડાઈ શકે. (યુવાનબહેનો)

(ઘ) નાના કે મોટા તમામ છોકરાઓને કાં તો વહેલી સવારે ટ્યુશન, કાં તો સ્કુલ... એ પાછા જો દૂર હોય, તો જાતે મુકવા પણ જવું પડે... એ છોકરાઓને નાસ્તો તૈયાર કરીને આપવો પડે... એટલે ઘણી માતાઓ વહેલી સવારથી આવા કાર્યોમાં જ રોકાઈ જાય, જોડાઈ જાય. આમ બહેનોનો હવેનો ઘણો સમય આ બધામાં જતો રહે.

(ચ) પહેલા સંયુક્ત પરિવારો હોવાથી એક બહેન સવારે રસોઈ-નાસ્તાદિના કામમાં પરોવાય, તો બીજી બહેનો નિવૃત્ત હોવાથી ધર્મપ્રસંગોમાં લાભ લઈ શકે. આજે તો બાપ-દીકરો પણ જુદા રહેતા હોય, એટલે સાસુ અને વહુ બંને પોત-પોતાના ઘરમાં કામકાજમાં વ્યસ્ત ! કદાચ બાપ-દીકરો ભેગા હોય, તો પણ ત્રણ-ચાર ભાઈઓ ભેગા રહે, એ તો ભાગ્યે જ બને, એનું પરિણામ સ્પષ્ટ જ છે કે કોઈ જલ્દી Free ન મળે.

(છ) ચાલીસ-પચાસ વર્ષ પહેલા B.and W. T.V.ઓ પણ માંડ જોવા મળતા. એમાં એવું વિશેષ આકર્ષણ પણ ન રહેતું, એટલે ધર્મ બાજુ આકર્ષણ ઉભું થવાનો વિકલ્પ ઘણી બધીરીતે ઉભો રહેતો.

આજે ? વાવાઝોડું છે એ કુનિમિત્તોનું ! કલર ટી.વી. તો સામાન્ય ગણાય, ઘરે ઘરે મોટી સ્ક્રીનવાળા ટી.વી.ઓ ! જાણે કે થિયેટર જ જોઈ લો. ચોવીસ કલાક મનગમતા પ્રોગ્રામો ? ચેનલોની હારમાળા ! માણસ ઉભો જ ન થઈ શકે. એટલા બધા આકર્ષક પ્રોગ્રામો ! બસ, બધા એમાં એકદમ ચોંટેલા રહે.

એની સામે પ્રવચનો તો એના એ જ ! એમાં એવી કોઈ આકર્ષકતા ઉભી ન થઈ, એટલે બે વચ્ચે આભ-ગાભનું અંતર પડી ગયું, સ્વાભાવિક જ છે કે કોણ શું પસંદ કરે ? જેને ધર્મનો ઘણો વધારે રસ હોય, તે જોડાય, બીજા બધા તો આ વાવાઝોડામાં ક્યાંય ફંગોળાઈ જાય...

(જ) મીડિયાઓના કારણે, નવી નવી હજારો આકર્ષક વસ્તુઓની શોધખોળ થઈ હોવાના કારણે ચારેબાજુ ભોગવાદ વ્યાપેલો છે. લોકો પાંચ ઈન્દ્રિયોના વિષયસુખો પાછળ પાગલ બનેલા છે. પહેલાના લોકો પાગલ ન હતા, એવું એકાંતે તો ન કહેવાય, પણ એ વખતે વિષયો-સામગ્રીઓ જ ન હતી, ઘણી ઓછી હતી. એનો એવો પ્રચાર ન હોવાથી ખબર પણ ઓછી પડતી. એટલે ગામડાના અજ્ઞાની લોકો જેમ સંતોષ-સાદગી ભરેલું જીવન જીવે, એમ તેઓ જીવી લેતા.

પણ વિષયોની ભરમાળ + એનો ચારે બાજુ ભરચક પ્રચાર આ બેના કારણે ભોગલાલસાઓ - વિષયો મેળવવાની અને એનો ભોગવટો કરવાની લાલસાઓ ખૂબ ખૂબ વધી ગઈ.

એ માટે જોઈએ **પુષ્કળ અર્થ !**

એ માટે જોઈએ મહેનત, દોડધામ, બદમાશી, અનીતિ...

આ બધા વિષચક્રોમાં ફસાયેલા વર્તમાન લોકોને ધર્મમાર્ગે વાળવા અત્યંત કપરું કામ બને,

(ઝ) ભોગરસ વધવાથી ધર્મરસ એકદમ ઘટી ગયો, એ પણ એક મહત્ત્વનું કારણ છે.

(ટ) આજે સંઘો સાચવવા વગેરે ઘણા કારણોસર આપણે અપરિપક્વ સંયમીઓને પણ ચોમાસું-પ્રવચન કરવા વગેરેની સંમતિ આપીએ છીએ. આવા અણ-આવડતવાળા સંયમીઓના પ્રવચનાદિમાં વિશેષ દમ ન હોય, એ સ્વાભાવિક છે એટલે એમના પ્રવચનાદિમાં નવી પેઢીના લોકો આવે, તો પણ કંટાળે... આવા જુદા જુદા સાધુઓના બે-ચાર અનુભવ થાય, એટલે એ બધા નિશ્ચય કરી બેસે કે 'જૈન સાધુઓના પ્રવચનોમાં કોઈ

મજા નહિ...' બસ, એ પછી સૂકા ભેગું લીલું પણ બળે' એ ન્યાયે તેઓ સારા પ્રવચનકારોના પ્રવચનો પણ ગુમાવે.

(ઠ) સાધુઓના પરસ્પરના ઝઘડાઓ, પત્રિકાબાજીઓ, પરસ્પરના આક્ષેપો... આ બધાના કારણે નવી પેઢી વિમુખ થાય છે. આ બધું ભલે બે-પાંચ ટકા હોય, ભલે કેટલાક ખુલાસાઓ સાધુઓને જરુરી લાગે... પણ એ બધું પેલી નવી પેઢી તો અત્યંત ખરાબ સ્વરૂપે જ જુએ છે. એટલે તેઓ તો દૂર જ ભાગતા જાય છે.

(ડ) સાધુઓમાં જે ૦.૦૦૦૧% જેટલા પણ વ્યભિચારાદિ કૌભાંડો બનતા હોય, તે મીડિયાવાળાઓ ચારે બાજુ ફેલાવે-ચગાવે, એના પરિણામે બધા લોકો સાધુઓ પર થુંકવા માંડે. ફરી ધ્યાનમાં લેજો કે મુગ્ધ લોકો ટકાવારીનો વિભાગ પાડવાનું સમજતા જ નથી. તેઓ તો એકને આધારે તમામ માટે એક સરખો નિર્ણય બાંધી લેતા હોય છે.

(ઢ) મારા પૂજ્ય ગુરુદેવશ્રીના શબ્દો હતા કે 'સાધુઓ ! મારા કરતા તમારા માટે કામ કરવું અત્યંત જ કપરું થઈ પડવાનું છે. મારે માખણને પીગાળવાનું હતું, તમારે પત્થરો તોડવાના છે. હવેના જમાનાના લોકો હૈયાથી પત્થર જેવા નિષ્ઠુર બની ગયા છે. ટી.વી. ચેનલો ઉપર ઘોર હિંસાઓ-બલાત્કારો વગેરે જોઈને, રોજેરોજ બનતા એવા પ્રસંગો છાપા વગેરેમાંથી જાણીને તેઓ સાવ સાવ નિષ્ઠુર બની ચૂક્યા છે.

મારે તો માખણ પીગાળવા માટે માત્ર થોડીક આગની જરૂર હતી.

તમારે પથરાઓ તોડવા માટે મોટા લોખંડી શસ્ત્રો જોઈશે, સુરંગો જોઈશે. એ શસ્ત્રો-સુરંગો એટલે વધુ કડક, વધુ કટ્ટર, વધુ સાદગીસભર, વધુ વૈરાગ્યસભર આચારપાલન ! તમારા ઉત્કૃષ્ટ કોટિના આચારો જ એ પથરાઓને તોડી શકશે.'

૪૦-૫૦ વર્ષોના અનુભવી પૂ.ગુરુદેવશ્રીના આ શબ્દો હતા, આજની પરિસ્થિતિ એ છે કે આચારપાલન વધવાને બદલે એકંદરે ઘટ્યું છે. છૂટ વધી છે, અનુકૂળતાઓનું સેવન વધ્યું છે, આ બધું જોઈને પણ લોકો વિમુખ બને છે.

એક વાત ધ્યાનમાં રાખજો કે સંસારીઓ પોતે ભલે ગમે તેવા હોય, પણ તેઓ સાધુઓ પાસે તો વિશિષ્ટ અપેક્ષા જ રાખે છે, એટલે સાધુઓમાં જો ખરાબી દેખાય, તો તેઓ તેને સહન કરી શકતા નથી, સ્વીકારી-અપનાવી શકતા નથી. એમનું મન બળવો કરી બેસે છે.

દા.ત. વર્ષો પહેલા લોકો ચૂલા પર રસોઈ કરતા, હવે ગૅસ પર કરે છે.

વર્ષો પહેલા લોકો ગાડામાં મુસાફરી કરતા, હવે વાહનોમાં કરે છે.

વર્ષો પહેલા લોકો ગામ બહાર જાજરુ જતા, હવે ઘરે સંડાસમાં જ જાય છે.

કાળ બદલાય, એમ પદ્ધતિ બદલાય, કાર્ય તો એનું એ જ રહે. (રસોઈ, મુસાફરી, જાજરું...)

પ્રસ્તુતમાં સાધુઓએ લોકોને ધર્મ જ પમાડવાનો છે, રત્નત્રયી જ આપવાની છે, આ જ એમનું કાર્ય છે. માત્ર કાળ પ્રમાણે એની પદ્ધતિ બદલવી પડે. **આક્ષેપણી** કથાનો અર્થ જ આ છે કે કોઈપણ રીતે શ્રોતાને આકર્ષિત કરવા... એ રીતે તેઓ સદ્ભાવવાળા બને, એટલે એમને ધર્મમાર્ગે વાળી શકાય.

તમે જુના શાસ્ત્રોની શૈલિ જુઓ અને ઉપાધ્યાયજી વગેરેની શૈલિ જુઓ... બંનેમાંથી આ ભેદ જોવા મળશે. અરે, જુના મહાપુરુષોએ સંસ્કૃત-પ્રાકૃત રચનાઓ દ્વારા પરોપકાર કર્યો, નવા મહાપુરુષોએ ગુજરાતી રચના દ્વારા પરોપકાર કર્યો. પણ પરોપકાર તો કર્યો જ.

આપણે તો ભાઈ ! કેરી સાથે નિસ્બત છે, એના ઝાડ સાથે નહિ.

પણ આ કાળ પ્રમાણે નવી પેઢીને આકર્ષવા માટે કઈ પદ્ધતિ અપનાવવી, કઈ નીતિ અપનાવવી... એ હજી સંયમીઓ સમજી શક્યા નથી, (એમાં હું ય આવી ગયો.) 'ધર્મ જ પમાડવો છે.' એ લક્ષ્ય પાકું, પણ સીધી આંગળીએ ઘી ન નીકળે, તો વાંકી આંગળીએ પણ ઘી કાઢવું પડે. એ વાત સંયમીઓ સમજી લે, અને એવી પદ્ધતિ જાણી લે, તો ફરી નવી પેઢીને ખેંચી શકાય.

એ માટે અત્યારે જે જે પ્રવચનકારો નવી પેઢીને

ખેંચી શકે છે, તે તે પ્રવચનકારોનું માર્ગદર્શન લેવું જોઈએ. **દા.ત.** અમારા ગ્રુપમાં પૂ.પં.મેઘદર્શન મ.ના તાજેતરના જ સુરતના ચોમાસામાં બે હજાર-ત્રણ હજાર માણસો પ્રવચનાદિમાં આવતા. પૂ.પં. ઉદયવલ્લભ મ.ના પ્રવચનોમાં યુવાનોના ટોળા ઉમટે, પૂ.આ. યોગતિલકસૂરિજી મ.ની પાંચ દિવસની વાચનામાં ૨૨૦૦ જિજ્ઞાસુઓએ લાભ લીધો.

આ બધામાં યુવાવર્ગ પણ સારો એવો !

આવા પ્રવચનકારોની પદ્ધતિઓ શીખવી જોઈએ, જાણવી જોઈએ.

આપણે ટોળા ભેગા કરવા આ કામ નથી કરવું, પણ જેટલા વધુ લોકો ધર્મમાર્ગે જોડાય, એટલો વધુ લાભ છે ને ?

(થ) નવી પેઢી પુષ્કળ ભણે છે, એટલે જ એ શ્રદ્ધાને બદલે બુદ્ધિથી જીવનારી છે, બુદ્ધિમાં બેસે, એ વસ્તુમાં શ્રદ્ધા કરે. એમને પ્રત્યક્ષ અને યુક્તિસિદ્ધ... આ બે સિવાય ત્રીજા પદાર્થોમાં શ્રદ્ધા નથી.

હવે જ્યાં સુધી પૂજાના ફાયદાઓ પ્રત્યક્ષ કે યુક્તિથી તેઓ નહિ સમજે, ત્યાં સુધી એ ક્રિયામાં એમને શ્રદ્ધા નહિ બેસે.

પાપક્રિયાથી પાપબંધ, ધર્મક્રિયાથી પુણ્યબંધ... આ બધું એમને પ્રત્યક્ષ દેખાતું નથી. યુક્તિઓ એમને મળતી નથી, એટલે...

જુની પેઢીમાં વર્તમાનશિક્ષણપદ્ધતિ ન હોવાથી તેઓ શ્રદ્ધાપ્રધાન જીવો હતા. એટલે સાધુ પર શ્રદ્ધા, એના વચનો પર શ્રદ્ધા એ બધા માટે સહજ હતી. આજે પણ એવી પ્રજાને તો આપણે સારી રીતે વાળી શકીએ. પણ ગુજરાતની અને એમાં ય જૈનોની નવી પેઢીમાં શિક્ષણ પ્રચુર પ્રમાણમાં હોવાથી એ બુદ્ધિજીવીઓની સામે બુદ્ધિમાનોએ બુદ્ધિથી જ કામ લેવું પડે. શાસ્ત્રોમાં બે પ્રકારના સંબંધ બતાવવામાં આવે છે, એમાં એક સંબંધ શ્રદ્ધાવાળાઓ માટે, અને બીજો સંબંધ ભેજાવાળાઓ માટે ! એટલે શાસ્ત્રકારોએ પણ તેઓની ઉપેક્ષા નથી કરી. જે પાણીથી મગ સીઝે, એ પાણીથી મગ સીઝવવાનું રાખ્યું છે.

હવે અત્યાર સુધી શ્રદ્ધાપ્રધાન પ્રવચનો ચાલ્યા, પણ હજી પણ એ જ ચાલુ છે, એટલે નવી પેઢી એમાં જલ્દી નહિ ખેંચાય. એને યુક્તિપ્રધાન પ્રવચનો સાંભળવા મળે, તો એ આકર્ષણ પામે, પણ એ તો એમને મળતા નથી. એટલે પણ તેઓ ધર્મવિમુખ બન્યા.

(દ) સંયમીઓ જો લાલચમાં ફસાય, શિષ્ય કરવા માટે પેલા જીવની પાછળ આગ્રહ સાથે પડે, એની સંપત્તિ પોતાના પ્રોજેક્ટ માટે માંગ્યા કરે... આવા આવા એકાદ ટકા પ્રસંગોને તેઓ સર્વવ્યાપક માની લઈ ભાગતા જ ફરે છે. 'મહારાજો પાસે જઈએ, એટલે દીક્ષાની જ વાત ! કાં તો પૈસાની વાત ! આત્માના હિતની વાત તો કોઈ કરતું જ નથી...' આવા શબ્દો ગૃહસ્થોના મોઢે વારંવાર સાંભળવા મળ્યા છે. એટલે એમ કલ્પના થાય છે કે આ નવી પેઢી દૂર થવામાં આ પણ એક મજબુત કારણ છે.

(ધ) આજે ગૃહસ્થો પણ મોટા પ્રમાણમાં ઉપદેશકો બન્યા છે. તેઓ પ્રોફેશનલ છે, આકર્ષક રજુઆત કરી શકે છે. હજારો લોકો આવા ગૃહસ્થગુરુઓના અનુયાયી બની બેઠા છે, નામના જૈન, કામના અજૈન... કારણ કે પ્રભુવીરની સંઘવ્યવસ્થાને તોડી નાંખે છે. ગૃહસ્થો ગીતાર્થઆચાર્યાદિની નિશ્રામાં રહીને, એમની આજ્ઞા પ્રમાણે જ ઉપદેશ આપે, તો તો વાંધો ન આવે. પણ સ્વતંત્ર-સ્વચ્છંદ ગૃહસ્થગુરુઓ તો નવા મતો, નવા અનુયાયીઓ જ ઉભા કરવામાં પડ્યા છે.

આવા બીજા પણ ઘણા કારણો વિચારી શકાય.

આપણે માત્ર કારણ જોઈને બળાપો નથી કરવો.

આપણે માત્ર રોદણાં રડીને જાતને શાસનરાગી દેખાડવી નથી.

આપણે હવે નક્કર ઉપાયો શોધવા છે,

એ ઉપાયો અજમાવવા છે,

એના દ્વારા નવી જૈન પેઢીને જૈનધર્મ તરફ વાળવી છે, સાચી જૈન બનાવવી છે. આપણે ગરજના વાદળ નથી બનવું, જે વરસાદ ન આપે. આપણે વરસતા વાદળ બનવું છે, જે નક્કર ફળ આપે.

એ ઉપાયો આપણે આવતા અંકમાં વિચારશું.

–x–x–

# તપોવન નવનીત

- નરેન્દ્ર એસ. કામદાર

તપોવન સંસ્કારપીઠ અમિયાપુરમાં અષાઢ સુદી-૧૦ના શુભદિને પ.પૂ. ગુરૂમાના આજ્ઞાંકિત સુશિષ્યો સૌમ્યમૂર્તિ પૂ.શ્રી ગિરિભૂષણવિજયજી મ.સા. તથા બાળસંસ્કારદાતા પૂ.શ્રી ભવ્યકીર્તિવિજયજી મ.સા. આદિ ઠાણા-૧૦નો મંગલ ચાતુર્માસ પ્રવેશ ૧૦૦ મહેમાનો, અને તપોવની ૫૦૦ વીર બાળકોના અદમ્ય ઉત્સાહ સાથે થયા બાદ બાળકો અને સ્ટાફને રૂા. ૩૫-૦૦નું સંઘપૂજન થયેલ.

અષાઢ સુદી-૧૫ ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે પૂજ્ય મહાત્માઓની શુભનિશ્રામાં અહિંસા પેવેલિયનમાં ગુરૂભક્તિનો શાનદાર કાર્યક્રમ યોજવામાં આવેલ. તપોવન વિદ્યાલય, વાત્સલ્યધામ-ગુરૂકુળ અને સંસ્કૃત પાઠશાળાના નિયામકશ્રી, આચાર્યશ્રીઓ અને શિક્ષક ભાઈ-બહેનોનું વિદ્યાર્થી સમાજના મંત્રીમંડળ અને સર્વ બાળકો દ્વારા ગુરૂજનોનું બહુમાન પૂજનરૂપે કુમકુમ તિલક, શ્રીફળ પૂ.ગુરૂમાની પ્રતિકૃતિવાળી રજત મુદ્રા આદિ વડે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તથા આ પ્રસંગે મોટીસંખ્યામાં ઉપસ્થિત તપોવની ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને બાળકો દ્વારા અર્પણ વિધી કરી જાહેર સન્માન કરવામાં આવ્યું ત્યારે ભવ્ય-ભારતીય સંસ્કૃતિની ગુરૂપૂર્ણિમાની ઉજ્જવળ પરંપરા તાદશ્ય દૃષ્ટિગોચર થઈ હતી. ગુરૂમા અમર રહોના હૃદયસ્પર્શી નારાઓએ હજારો હૈયા ભીંજવ્યા હતાં.

પૂ.શ્રી ભવ્યકીર્તિવિજયજી મ.સા.એ આ પ્રસંગે અંજનીપુત્ર વીરહનુમાનજીવાળો દાખલો **'ઐસો દૂધ તેરેકો પીલાયો, તુને મેરી કૂખ લજાયો'**નું દૃષ્ટાંત સવિસ્તાર રજૂ કરીને બાળકોને તમારા માતુશ્રીએ સીંચન કરેલ દૂધને ન લજવતાં ઉજ્જવળ બની-બનાવી વીર બાળક તરીકે ઉભરવા હૃદયસ્પર્શી અપીલ કરી હતી. પૂ.શ્રી રાજહંસવિજયજી મ.સાહેબે તેમના પ્રવચનમાં ગુરૂકુળ શૈલીની શિક્ષણ પદ્ધતિને બિરદાવી હતી.

તપોવનના કુલપતિશ્રી લલિતભાઈ ધામી, નિયામકશ્રી મંગળજીભાઈ શાહ, મેનેજીંગ ટ્રસ્ટી રાજુભાઈ શાહ, શ્રી અમિતભાઈ, ગુરૂકુળના ગૃહપતિશ્રી અલ્પેશભાઈ શાહ તપોવન વિદ્યાલયના આચાર્યશ્રી દીપકભાઈ પટેલ, શ્રી રોહિતભાઈ જોષી, વાત્સલ્યધામના પ્રિન્સીપાલશ્રી વ્યાસ સાહેબ, યુવા અગ્રણી શ્રી અનંતભાઈ ધામી, શ્રી નરેન્દ્રભાઈ કામદાર ગઢડાવાળા વિ. વક્તાઓએ ગુરૂપૂર્ણિમા મહાત્મ્ય વિષે વક્તવ્યો આપેલ. જ્યારે, જ્યારે જ્ઞાનદાતા ગુરૂજીઓનું સન્માન થયું ત્યારે બાળકોએ તેઓને હર્ષનાદોથી વધાવ્યાં હતાં.

## તપોવનમાં માતૃવંદના

તા. ૮મી જુલાઈ, રવિવારે અહિંસા પેવેલિયનમાં તપોવની બાળકોના વડીલોના પ્રથમ વાલીમિલન પ્રસંગે માતૃવંદનાનો કાર્યક્રમ ધો.૧૨ના વિદ્યાર્થીઓ શ્રી મિત અલ્કેશભાઈ અને શ્રી મિત નયનભાઈએ ભાવોલ્લાસ સાથે કરાવ્યો હતો. અત્રે ચાતુર્માસ બિરાજમાન પૂ. ગુરૂ ભગવંતો શ્રી ભવ્યકીર્તિવિજયજી મ.સા. આદિ ઠાણાઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં તપોવની બાળકોએ દિલચસ્પી અભિનય નૃત્ય, સંવાદ, વક્તવ્ય વિ.ની રજૂઆત કરી હતી.

માતા-પિતાના બહુમાન અને પૂજન માટેની બોલીનો લાભ નવસારી તપોવનના ભૂ.પૂ.વિદ્યાર્થી શ્રી કલ્પેશભાઈ બાલચંદભાઈ શાહ પરિવારે લીધો હતો. પાર્શ્વ અને તીર્થેશના તપોવન કેવું લાગ્યું ? ના પ્રશ્નોત્તરી સંવાદથી શ્રોતાઓ પ્રભાવિત થયા હતાં. પ્રથમ શ્રી કલ્પેશભાઈએ તેમના માતાપિતાનું ભાવવિભોર બહુમાન કર્યું હતું. ત્યારબાદ શ્રી પાર્શ્વકુમાર સહિતના અન્ય દરેક વિદ્યાર્થીઓએ સભામાં ઉપસ્થિત તેમના માતાપિતાઓનું કુમકુમ તિલક અને અક્ષત વડે બહુમાન કર્યું ત્યારે દેવોને પણ દુર્લભ દૃશ્યો સર્જાયા હતાં.

વાલીઓના મિલનનો રવિવાર અને તેમાં ય માતૃવંદનાનો દિલડોલાવતો કાર્યક્રમ નિહાળી બધા જ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉત્સાહિત બન્યા હતાં.

# વર્તમાન નવનીત

## SAVE WATER, WATER SAVE YOU...
## પાણી બચાવો, પાણી તમને બચાવશે.

**મુનિ હંસકીર્તિવિજય**

શ્રી જિનેશ્વર દેવોએ પાણીના એક બિંદુમાં જે જીવો કહ્યા છે તે દરેક જીવો જો સરસવના દાણા જેવડી કાયા કરે તો તે જીવો જંબુદ્વિપમાં સમાય નહીં.

ભોજન વિના હજૂયે ચલાવી શકાય પરંતુ પાણી વિના દીર્ઘકાળ સુધી ચલાવી ન જ શકાય. પાણીનો બગાડ કરવો એ ધાર્મિક, સામાજીક અને રાષ્ટ્રિય અપરાધ છે. ઘણી વખત પાણીના અભાવે મનુષ્ય સહિતના કેટલાયે જીવોને તરફડતા અને ક્યારેક પ્રાણ ગુમાવતાં પણ જોયાં છે. વિના કારણે પાણીનો દૂર ઉપયોગ ન કરવો એ માનવતાની નિશાની છે. સુકાળ હોય કે દુષ્કાળ પરંતુ સમજુ નાગરિકોએ પાણીનો ઉપયોગ અત્યંત સમજદારીપૂર્વક કરવો જોઈએ. પાણી રાષ્ટ્રીય સંપત્તિનો એક ભાગ છે. અને તેનો દુર્વ્યય ચોક્કસ પ્રકારનો ગુનો બને છે. જૈનો મોટે ભાગે ગરમ કરેલું અચિત્ત (જીવરહિત) પાણી વાપરતા હોય છે. પ્રાણીજન્ય અને પાણીજન્ય રોગચાળો આ દેશમાં ખૂબ જ વકરી રહ્યો છે. અબોલ પશુ-પક્ષીઓ માટે તો પાણી તેમના જીવનનો મુખ્ય આધાર છે. પાણીના સંગ્રહની પણ ઘણી બધી રીતો અમલમાં છે. પાણી બાબતમાં ઘણા જૈનો અને અજૈનો ખૂબ જ જાગૃત રહી પાણી વેડફાતુ બચાવે છે. આવા જીવો અભિનંદનના અધિકારી છે. સમજૂ માતા-પિતાઓએ પોતાના બાળકોને પાણીની ઉપયોગીતા વિષે ખાસ સમજ આપવાની જરૂર છે.

**सुज्ञेषु किं बहूना ।**


**પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર**

**મુક્તિદૂત**

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા.૫૦૦/-

**માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને**
પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.
૫૬ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.
ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવાં મળશે.

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા.૫૦૦/-

**(૧) શું તમે શાસનના અનુરાગી છો ? (૨) શું તમે પરોપકાર કરવા તત્પર છો ? (૩) શું તમે કોઈકના કલ્યાણમિત્ર બનવા માંગો છો ? તો માત્ર અમારું - શાસનનું એક જ કામ કરો. 'મુક્તિદૂત'ના માત્ર એક નવા ગ્રાહક તમે બનાવી આપો. બસ, તમારી પાસે બીજી કોઈ જ અપેક્ષા નથી.**

**થોડામાં ઘણું જાણવાનું મળશે.**

**લવાજમ ભરવાનું સ્થળ : કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જી.પ્ર. સંસ્કૃતિ ભવન ૨૭૭૭, નિશા પોળ, રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૫૮૨૩

# અ નુ મો દ ના ન વ ની ત

## શાંત સુધારસ ગ્રંથકાર કહે છે કે, "અસાર એવા સંસારમાં પ્રાપ્ત થયેલા માનવ જન્મનું ફળ સુકૃતની ભાવસભર અનુમોદના છે

પં. કલ્પરક્ષિતવિજયજી

(૧) ગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી સમુદાયના આચાર્યદેવ પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સાહેબ, ૮૩ વર્ષની ઉંમર, અપ્રમત્ત યોગાચાર્ય, હૈયાના ખૂબ જ સરળ ઔચિત્ય જોરદાર લીલોતરી ફ્રુટ ત્યાગ, બધી મીઠાઈ બંધ, મેવો બંધ, ૧૦૮ અઠ્ઠમની આરાધના, વર્ષીતપની આરાધના બધા ઉપવાસ ચોવીઆરા કેવી ઊંચી આરાધનાની પરિણતી.

(૨) એક મહાત્મા ૩૨ વર્ષથી અખંડ એકાસણા ૨ દ્રવ્યના, ઘી અને સાકર બે વિગઈ આજીવન ત્યાગ, વર્ષમાં ૯/૧૦ મહીના આયંબીલની આરાધના, મહીનામાં એક અઠ્ઠમની આરાધના. કેવી ઊંચી ત્યાગની પરિણતી.

(૩) એ મહાત્માને મીઠાઈ વગેરે સ્વાદપ્રચુર દ્રવ્યોનો ત્યાગ હતો. છતાંય રોટલી વાપરતા રાગ થવાનો ભય હતો. તેથી દરેક રોટલી ઉપર દેશી દીવેલ ચોપડીને વાપરતા. કેવી આત્મજાગૃતિ.

(૪) ઉપાધ્યાય ધર્મસાગરજી મ.સાહેબ ૫૪ વર્ષના દીક્ષા પર્યાયમાં વિક્સ અમૃતાંજન બામ વાપર્યો નથી. હરડે કે ત્રીફળા જેવી દવા લીધી નથી.

(૫) એક મહાત્માએ પાંચ વર્ષ સુધી લગાતાર અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરી આશરે ૨૦૦ જેટલી અઠ્ઠાઈની આરાધના કરી.

(૬) એક વાર આઠમના દિવસે મહાસંયમી તપસ્વી મહાત્માએ ગુરુદેવ પાસે ઉપવાસના પચ્ચક્ખાણ લીધા. બધા સંયમી જાણતા હતા કે આ સંયમી મહાત્મા પાંચતિથી ઉપવાસ કરે છે. એટલે કોઈને એમાં નવાઈ જેવું ન લાગ્યું. નોમના દિવસે બપોરે બાર વાગે એ સંયમી મહાત્મા ગોચરી વહોરીને આવ્યા. ગુરુ પાસે ગોચરી આલોવી ગુરુદેવના ચરણોમાં પડી આશીર્વાદ માગ્યા કે ગુરુદેવ આજે મારે ૧૦૦મી ઓળીનું પારણું છે. આપ મારા પાત્રમાં આયંબિલની ગોચરી આપી મને પારણું કરાવવા કૃપા કરો અને આશીર્વાદ આપો કે જીંદગીના છેલ્લા દિવસે પણ મારે આયંબીલ હોય ગુરુદેવ આશ્ચર્ય પામ્યા. ગદ્ગદ્ થઈ ગયા. છેલ્લા સળંગ ૨૫૦૦ આયંબીલ સાથે ૧૦૦મી ઓળી પુરી થઈ. એની નાનકડી પત્રિકા તો નહિ જ. સ્વજનોની હાજરી તો નહિ જ. કોઈ ૩/૪ દિવસનો મહોત્સવ નહિ જ. આજુબાજુના ગુરુભાઈઓને અને સાક્ષાત્ ગુરુદેવને પણ જેની ૧૦૦મી ઓળીના પારણાની ગંધ સુદ્ધા ન આવી. એવો અજોડ અદ્વિતિય તપ જોઈ ગુરુદેવ હર્ષથી રડી પડ્યા. સંયમીનો તપ અજાણ્યો, અપ્રસિદ્ધ હોય એ ઘણો જ શોભતો હોય છે. આ સંયમી મહાત્મા કંચનવિજેતા બન્યા. કામવિજેતા બન્યા અને કીર્તિવિજેતા બન્યા.

(૭) એક સાધ્વીજી ભગવંત ૯૫ વર્ષની ઉંમરે છેલ્લા ૫૦ વર્ષથી અખંડ પુરીમુઢ એકાસણા કરે છે. મોટો વિહાર હોય, ગરમી હોય તો પણ આ સાધ્વીજી ભગવંત પુરીમુઢ પચ્ચક્ખાણ કરે છે.

(૮) ૩૯ વર્ષના દીક્ષાપર્યાયવાળા એક સાધ્વીજી ભગવંત છેલ્લા ૨૫ વર્ષથી તપશ્ચર્યાના માર્ગે ચડ્યા છે. એમાંય છેલ્લા ૧૯ વર્ષથી તો એમને જાણે કે શરીર સાથે ઘોર સંગ્રામ શરુ કર્યો છે. છેલ્લા ૧૯ વર્ષથી લગાતાર એમને કદી એકસાથે ૨ દિવસ વાપર્યું નથી. અને જે દિવસે વાપર્યુ છે તે દિવસે પણ કદી એકાસણાથી ઓછુ પચ્ચક્ખાણ કર્યુ નથી. એકવાર લગાતાર ૧૬ મહિના ૯ ઉપવાસના પારણે ૯ ઉપવાસ એવી રીતે ઘોર તપ કર્યો છે. (૪૮૦ દિવસમાં ૪૨૦ ઉપવાસ કર્યા છે.) આખી જીંદગી માટે એમને મનથી સંકલ્પ કરી લીધો છે. મૃત્યુના છેલ્લા દિવસ સુધી મારે ઉપવાસ, એકાસણું એ તપથી ઓછું કરવું નથી. અત્યાર સુધીમાં ૪૫૦૦ જેટલા ઉપવાસ થઈ ચુક્યા છે.

(૯) એક સાધ્વીજી ભગવંત ૨૭ વર્ષીતપ, વર્ધમાનતપની ૧૦૮ ઓળી પુર્ણ કરી ફરી પાયો નાખી બીજી ૧૯ ઓળી કરી. વિશેષતા એ છે કે માત્ર ૫/૭ મિનિટમાં જ આયંબિલ કરી ઉભા થઈ જાય છે. એમનું ચિંતન છે શરીરને ભાડુ આપવાનું છે. ભાડું જેટલું હોય તેટલું અપાય.

(૧૦) એક સાધ્વીજી ભગવંત આજીવન પાંચ વિગઈના ત્યાગી છે. લીલોતરી ફળોનો ત્યાગ છે. કાયમ પુરીમુઢ એકાસણા કરે છે. વિશેષતા એ છે કે રોટલી અને દાળ ભેગા કરીને રાખી મુકે પછી ૧ કલાક બાદ વાપરવા બેસે. માત્ર પાંચ મીનીટમાં એકાસણું પુરુ થઈ જાય છે. કેવી ઉંચી અધ્યાત્મની પરિણતિ.

(૧૧) એક સાધ્વીજી ભગવંતે ગુરુદેવની પ્રેરણાથી ૮ દિવસમાં આખી બૃહત્સંગ્રહણી કંઠસ્થ કરી લીધી.

(૧૨) સુશ્રાવક પ્રકાશભાઈ વસાની અનુપમ અને અનોખી ભક્તિએ સુંદર ઈતિહાસ સર્જી દીધો. શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ શેઠ, કુમારપાળભાઈ, કલ્પેશભાઈ, જયેશભાઈની આગેવાની હેઠળ સ્વગૃહ આંગણે જોરદાર ઘોષણા કરી. પ્રભાવક તથા પ્રાચીન એવા શંખલપુર અને વાલમતીર્થે અકલ્પનીય રકમ સાધારણ ખાતામાં અર્પણ કરી અને તે પણ ક્યાંય નામ ન આવે એ શરતે. કમાલ કમાલ આંખે ચોંટી જાય એવી નિઃસ્પૃહતા.

(૧૩) સુશ્રાવક ભોગીભાઈએ <u>'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ'</u> આ મંત્ર બોલ્યા બાદ પંચાગ પ્રણિપાતપૂર્વક ૧ કરોડ ખમાસમણા આપ્યા. કેવી ભાવનાની મસ્તી.

## ચાતુર્માસિક લિસ્ટમાં સુધારો

પૂજ્ય મુનિશ્રી ગિરિભૂષણવિજયજી મ.સાહેબ તથા પૂજ્ય મુનિશ્રી વિશ્વરક્ષિતવિજયજી મ.સાહેબનું ચાતુર્માસ પૂજ્ય ભદ્રકીર્તિવિજયજી મ.સાહેબ આદિ ત્રણ ઠાણા સાથે નીચેના સ્થળે છે.

**C/o. સુખદાયિ શ્રી કુંથુનાથ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ**

૧૦, ન્યુ બ્રહ્મક્ષત્રીય સોસાયટી, પ્રિતમનગર, બીજે ઢાળ, સરસ્વતી એપાર્ટમેન્ટ સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬.